# એ તો કો'!

વજન: ગાગા ગાગા ગાગા ગાગા, ગાગા ગા

**પંચમ શુક્લ**

કડક સાદ દઇ ડાંટું કોને એ તો કો'!
વાંક વગર ગાળાટું કોને એ તો કો'!

એલફેલ આ લાગે એને, કરવું શું?
મારું આ દુ:ખ બાંટું કોને એ તો કો'!

મનનો મૂંઝારો મનમાં ક્યાં લગ રાખું?
હાક-છીંક થઇ છાંટું કોને એ તો કો'!

ડફણાં ખાઈનેજ પછી કૈં સમજું છું,
જોરદાર દઉં પાટું કોને એ તો કો'!

દાઝ્યાં ઊપર ડામ દઈને ફૂંકો દઉં,
આ હંધુયે હા'ટુ કોને એ તો કો'!

અમથાં અમથાં અથડાવાનું, એમાં શું?
અંધારામાં આંટું કોને એ તો કો'!

લંડન, જુલાઇ ૨૦૦૫